સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

હિંદુ નેતાઓની ભાષાનો રણકો બદલાયો છે,
અને સદ્‌ભાવનાનો પણ, છણકો બદલાયો છે,
સણકો ઉપડ્યો છે સત્તાનો, વૃત્તિ ભાંગફોડની -
નમ્ર વિવેક ગર્જનાનો, ડણકો બદલાયો છે.
(શ્રી તોગડિયા ની ડણક)

હાઈકુ

... ને નાસભાગ,
શરૂ છે ઉંદરોની -
ડૂબતી નાવે..
(કોંગ્રેસમાં રાજીનામાં)

લ્યો! વેકેશન!
બે'દિમાં તો ખાકી ગ્યા!
વરૂણ દેવ!?
(હવે બ્રેક કે બાદ)

ચિંતન

હસ્ત ઇવ ભૂતિ મલિનો લંગયતિ યથા યથા ખલઃ સજનમ્ ।
દર્પણ મિવ તં કુરુતે તથા તથા નિર્મલચ્છાયમ્ ॥

હાથમાં રાખ (ભસ્મ) (વાની) લઇને દર્પણ પર જેમ જેમ ઘસવામાં આવે તેમ તેમ તે રાખ દર્પણની કાંતિ-તેજ-ચળકાટ ને વધારે નિર્મળ કરે છે, તેવી જ રીતે વૈભવથી મલિન બનેલો દુર્જન જેમ જેમ સજ્જનની કસોટી કરી તેની સાથે ઘર્ષણમાં ઉતરે અને સજ્જનને પરેશાન કરે તેમ તમે ને સજ્જન પોતાના ક્ષમાભાવ અને ઉદાર ચરિત્ર વિશેષ નિર્મળ-પવિત્ર બને છે. અર્થાત દુર્જન લોકો જેમ જેમ સજ્જનોને સંતાપે છે તેમ તેમ તેમના ક્ષમાગુણને કારણે વધારે પ્રસન્ન ચિત્ત થાય છે.

સજ્જન વ્યક્તિને દુર્જન વ્યક્તિ દ્વારા શબ્દ દ્વારા કે કામમાં આળખીલીઓ નાખી જેમ જેમ પરિતાપ આપવામાં આવે તેમ તેમ સજ્જન વ્યક્તિનો ક્ષમાભાવ વધારે દૃઢ થઇ સૌમ્ય ભાવનો પ્રભાવ વધારે થાય છે. પરિણામે તેના ચહેરાથી નમ્રતા-તેજસ્વીતા વધારે પ્રભાવી બને છે.

આ વાત સમજાવવા માટે અહીં દર્પણ પર ભસ્મ-રાખ લગાવતાં તે વધારે ચળકાટ ધારણ કરે છે એ દૃષ્ટાંત આપ્યું છે.

સુવિચાર

- મક્કમ છતાં હળવું તથા નિર્મળ મન અશક્યને શક્ય, શક્યને સંભવિત અને સંભવિતને સુનિશ્ચિત બનાવી દે છે **- જનકલ્યાણ**
- માણસ પોતાના સુખોનું જરાય સ્મરણ વિવરણ કરતો નથી અને દુઃખની યાદી કાયમ કંઠસ્થ રાખે છે **- ઇટાલીયન કહેવત**
- આગ કો પતંગોને ખેલ સમઝ રખ્ખા હૈ, સબ કો અંજામ કા ડર હો યે જરૂરી તો નહીં **- ઝરીના બાનુ**
- આવે છે યાદ એની બસ એટલું હું જાણું, પૂછો નહી કે ક્યારે, શું કામ યાદ આવે, ભૂલી જવાય માણસ આખેઆખો પરંતુ માણસની બાદ માણસનું કામ યાદ આવે **- નિનાદ અધ્યારૂ**
- હું નિષ્ફળતા સ્વીકારી શકું, કારણ કે દરેક માણસ ક્યાંકને ક્યાંક તો નિષ્ફળ ગયો જ હોય છે, પણ હાથપર હાથ રાખીને બેસવાનું હું કદી ન સ્વીકારી શકું **- જનકલ્યાણ**
- તમારો બાહ્ય દેખાવ સુધારવા માટેનો સૌથી સહેલો, સૌથી સસ્તો રસ્તો 'સ્મીત' છે **- ઇઝરાયેલી કહેવત**
- જ્યારે તમે કડવાશને સંઘરો છો, ત્યારે સુખ બીજે ક્યાંક સહારો લઇ લેતું હોય છે **- રાજચંદ્ર**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

'ત્યાગ વૈરાગ્ય વિના ટકે' જ્યાં સુધી જે બાબત પ્રત્યેની આસક્તિ-મોહ ખૂટે નહીં ત્યાં સુધી તેના તરફ વિરાગ - થતો નથી.

એક આશ્રમમાં 'ચા' પીવાની મનાઇ હતી પણ રસોઇઘરમાં એક સંત છૂપી રીતે પણ ચા બનાવી પી લેતો ગુરૂને ખબર પડી. તપેલી ભરી ચા બનાવી શિષ્યને પીવડાવી. પેટ ભરાયું છતાં પરાણે પીવડાવી - ઉલ્ટી થઇ તો એ ઝીલીને ફરી પીવડાવી - પછી તો પેલો શિષ્ય ચાની તપેલી જુએ તો પણ ઉલ્ટી થાય - ચા છોડી દીધી.

ગાંધી આશ્રમમાં એક છોકરો ખાઉઘરો હતો. ગાંધીજીએ એને ખાવાના સંયમ અને પાચનશક્તિના ફાયદા સમજાવ્યા પણ કંઇ અસર ન થઇ.

એકવાર ગાંધીજીએ એને જમ્યા પછી ફરી રસોડે બોલાવ્યો. સાંજનો સમય છોકરાને મજા પડી. જમ્યા પછી ફરી બીજીવાર જમ્યો. બાપુએ આગ્રહ કરી ખવડાવ્યું. ઘરાઇ ગયો. પછી જાતે જ ઉઠ્યો. રાત્રે પેટમાં ખૂબ દુખાવો ઉપડ્યો. બાપુને બોલાવ્યા. બાપુએ માથે હાથ ફેરવી કહ્યું, 'બેટા- પેટ પારકુ કરી ખાવાનું પરિણામ આવું જ હોય - ખાવામાં સંયમ રાખવા તને ખૂબ સમજાવ્યો પણ તું સમજ્યો નહીં - હવે દુખાવો તો સહન કરવો જ પડશે. પાચનની ફાકી ખાઇ લે અને આવતીકાલે નકોરડો ઉપવાસ એ જ તારી દવા છે.'

Email - sureshchandrabhatt18@gmail.com

મેં વિચાર્યું જાનવર માણસ કરતાં વધુ સમજદાર છે, વફાદાર છે, દુઃખ, દર્દ અને ભાવનાને સમજે છે, બસ બોલી જ નથી શકતાં, એ સારું પણ છે નહીંતર એ પણ માણસની જેમ હૃદયહીન થઇ જાય

નવાં કલેવર

- નટવર હેડાઉ

મમ્મી, લ્યુસી ક્યાં?

હશે આટલામાં રમતી હશે.

ના... ના... અહીં તો ક્યાંય નથી.

અમારા ઘરમાં આ સંવાદ સવાર સવારમાં જો સાંભળવા મળે તો સમજવું કે લ્યુસી ભાગી ગઇ છે. પછી તો તેને શોધવા ઘરનાં બધાં સભ્યો નીકળી પડે.

દૂધ જેવો શ્વેત વાન, મુલાયમ રૂંવાટી અને કાળી ભમ્મર ચમકતી પાણીદાર આંખો, કાનના ઇશારે તે આજુબાજુની પરિસ્થિતિને પામી લે, નાની હતી ત્યારે રમતીયાળ બહુ તેથી રમવા બહાર ભાગી જાય એટલે ઉપર મુજબનાં સંવાદ લગભગ રોજ ઘરમાં સાંભળવા મળે. પછી તેને શોધવા નીકળીએ ત્યારે સોસાયટીના બગીચામાં રમતી જોવા મળે દૂરથી અમને કોઇને જૂએ એટલે પુંછડી હલાવે અને પોતાની ખુશી જાહેર કરે, પણ અમે એને પકડવા નજીક જઇએ એટલે ભાગે એ આગળ અને અમે પાછળ, મારી દીકરી કરિશ્મા હોય કે સોસાયટીનાં આડોશ પડોશનાં છોકરાઓ સૌ તેને પકડવાનો પ્રયત્ન કરે પણ લ્યુસીને આ પકડદાવ બહુ ગમે એટલે સહેલાઇથી એ હાથમાં આવે નહીં. છતાં પકડાઇ જવા જેવું લાગે એટલે ડાહીડમરી થઇ મારી પાસે આવી જાય. દીકરીએ તેને મોંમાં પુછડી પકડવાના પ્રયત્નમાં ગોળગોળ ફરે આ રમતથી સૌ રાજી થાય. દડો ઉછાળીએ તો પકડવા દોડે. લટકમટકતી એની એવી સુંદર ચાલ કે સૌને મનમોહક લાગે. નાનાં બાળકો ને ડરાવવાનું તેને બહુ ગમે. તેના બુલંદ અવાજ અને ડરામણી દંતપંક્તિથી ગમે તે ડરી જાય. આપણે સાથે હોઇએ તો મોટા ડાઘીયાને પણ સામે થવાની હિંમત કરી તેને ભગાડી મુકે. પણ ફટાકડો ફૂટે કે કોઇ મોટો અવાજ થાય તો બે ભગ વચ્ચે પુંચડી દબાવી સોફા નીચે ભરાઇ જાય એવી પાછી બહાદુર. ઉનાળામાં ન્હાવા માટે મારી સાથે સાથે બાથરૂમમાં આવી જાય. શિયાળામાં તેને ઠંડી ન લાગે એટલે મારી દીકરી તેના માટે સ્વેટર લાવેલી તે પહેરીને ફરવા નીકળે. વરસાદની સીઝમાં પાણી ભરાયાં હોય તેનાથી બચતાં કેવી રીતે ચાલવું એ તેને સરસ આવડે. હું બહાર ગઇ હોઉં તો પણ મારો જીવ તેનામાં ન હોય. આજે બહારથી આવતાં હું જયાં ઘરની નજીક પહોંચી ત્યાં અચાનક મારી નજર તેને સોધવા લાગી. એમ લાગ્યું કે રોજની જેમ મારી આવવાની રાહ જોઇને બારીની જાળીમાંથી મોઢું બહાર કાઢી મારી રાહ જોઇ રહી છે. મને યાદ આવવા લાગ્યું કે જયાં હું તાળું ખોલીને અંદર પ્રવેશું ત્યાં એ મને વળગી પડતી. અને હું... હું પણ ઘણીવાર સુધી તેના માથા પર પીઠ પર હાથ ફેરવીને તેને પસવારતી. જયારે તે મારા પ્રેમથી બરાબર સંતુષ્ટ થઇ જાય ત્યારે પોતાની જાતે જ દૂર થઇને બેસી જતી. તે જાણતી હતી કે હવે આ ક્યાંક નહીં જાય. છતાં આંખો પહોળી કરી કરીને જોતી રહેતી. જો હું કોઇ કામ ઉપર જાઉં તો તે પણ મારા પાછળ પાછળ આવતી.

જયારે હું કામમાં હોઉં અને તેના તરફ ધ્યાન ન આપું ત્યારે તેણે પોતાના તરફ મારું ધ્યાન ખેંચવાનો ઉપાય શોધી કાઢ્યો હતો. તે વારંવાર મારી ઓઢણીનો છેડો તેમાં મોંમાં પકડવાની કોશીશ કરી ઉછળકુદ કરતી. તો ક્યારેક આમ તેમ દોડતી. હું મારી ઓઢણી ફાડે નહીં તે માટે તેને ધમકાવતી પણ એ ક્યાં માને એમ હતી. તેનું આ કામ જયાં સુધી હું તેને ઉપાડીને વહાલ ન કરું ત્યાં સુધી ચાલતું રહેતું.

બીજું તો ઠીક મને ભડકાવવાની પણ તેને બહુ મજા પડતી. ઘણીવખત મારી નજર ચૂકવીને એ કબાટ કે પલંગની પાછળ છુપાઇ જતી. હું લ્યુસી... લ્યુસી... કરતી તેને આમતેમ શોધતી હોઉં ત્યાં એ મારી પાછળથી આવીને વળગી પડતી.

મારા ખોળામાં બેસીને ટી.વી. પણ એ ખુબ ધ્યાનથી જોતી. તો ક્યારેક પડખામાં છુપાઇને ઉંઘવા લાગતી.

રોજ સવારમાં દૂધવાળો, છાપાંવાળો અને ધોબી આવે તેને બહુ ભસે, ટપાલી કે કોઇ ફેરિયો ઘરની નજીક આવવાની હિંમત ન કરે એ રીતે તેને બિવડાવે. ઘરે કોઇમહેમાન આવ્યું હોય તો તેને સુંધી લે અને પછી સોફા નીચે જઇ સુઇ જાય. આ તો જાણે કે તેનો નિત્યક્રમ થઇ ગયો હતો. હાં સવારે ને સાંજે મારે અથવા મારા પતિને તેને ફરવા જરૂર લઇ જવી પડે. હું કપડાં બદલીને માથું ઓળું એટલે એ ગમે ત્યાંથી તેનો પટ્ટો લઇને આવી જાય. હું તેને પટ્ટો પહેરાવું એટલે તેનો બીજો છેડો મોંમાં લઇને મારા બહાર નીકળવાની રાત જોતી એ દરવાજામાં જઇને બેસી જાય. રાતે પણ તે મારી સાથે રજાઇમાં લપાઇને સુએ ક્યારેક ઘરમાં તેણે કંઇ ગંદું કર્યું નથી. હાં એ હોય એટલે કોઇને અમારા ઘર તરફ જોવાની હિંમત જ થાય નહીં.

તેને જયારે લાવ્યા ત્યારે તે કેટલી નાની હતી. અમારાં વચ્ચે એટલો પ્રેમ અને મમમતા બંધાઇ ગઇ કે મને મનમાંને મનમાં ડર લાગતો કે મને છોડીને એ જતી તો નહીં રહે ને? એ વિચાર આવતાં જ હૃદય ભરાઇ આવતું અને ઘણી વખત આંખોમાં આંસુ આવી જતા. હું તેના વિના કઇ રીતે જીવીશ? સમય પાંખો પ્રસારી ઉડી રહ્યો હતો.

ઉનાળાના દિવસો હતા. સવારમાં ઠંડી હવાની લહેરખી આવી રહી હતી. સૂરજ હજું નીકળ્યો ન હતો. ઉઠવાની ઇચ્છા પણ થતી ન હતી. અરે આ ઉંહકાર નો અવાજ શેનો? હું ચોકીને બેઠી થઇ ગઇ. જોયું તો લ્યુસી મારી પાસે બેઠી છે. મારી સાડીનો પાલવ તેણે બરાબર પકડી રાખ્યો છે. અને મારી સામે જોઇ રહી રહીને ઉંહકારા ભરી રહી છે. તેની આંખમાં આંસુ આવી ગયાં છે. હું તો ગભરાઇ ગઇ. રઘવાટમાં તરત બેઠી થઇ મેં તેને ખોળામાં લીધી. બુચકારી આંસુ લુછ્યાં. આખા શરીર પર હાથ ફેરવી જોયું ક્યાંક કંઇ વાગી તો ગયું નથી ને? પણ એવું કંઇ ન હતું. બબલુને બૂમ પાડી. કદાચ તેણે તેને ધમકાવી હોય, પણ તેણે કહ્યું જુઓ હું તો સુતો છું.

જે હાલતમાં હતી એમ જ એક્ટિવા પર ડૉકટરના ઘેર પહોંચી. કેમ કે આટલા વહેલા દવાખાનું તો ખુલ્લું હોય નહીં. ડૉકટર પણ જાગ્યા ન હતા. અરે! ક્યારે ઊઠીને આવશે? મારા માટે તો એક એક પળ અસહ્ય થઇ રહી હતી.

ડૉકટરે તપાસીને તેને ઇંન્જેકશન અને દવા આપી. સાથે આશ્વાસન દીધું કે જલ્દીથી સાજી થઇ જશે.

ઘેર આવી તો કોઇ કામમાં મન ચોંટતું ન હતું. મારે બહાર જવાનું હતું પણ તેને આમ બિમાર મુકીને કેમ જવું. પછી ધીમે ધીમે દવાથી તેને સારું થયું. ત્યારે મને જીવમાં જીવ આવ્યો. મેં ડૉકટર અને ભગવાનનો આભાર માન્યો. ભગવાનને નારિયેળ વધેર્યું. હવે બધું બરાબર ચાલવા લાગ્યું હતું.

મને યાદ આવવા લાગ્યું કે લ્યુસી ખાવાનું પણ મારી પાસે બેસીને જ ખાતી. મારી ખુરશીની પાસેની ખુરશીમાં જ એ બેસે. તેની વાકડીમાં દૂધ અને ડીશમાં બિસ્કીટ મુક્યાં હોય. પણ અમે ખાવાનું શરૂ ન કરીએ ત્યાં સુધી એ પણ ન ખાય. વળી ખાતાં ખાતાં મારી નજીક આવીને બેસે. સવારના નાસ્તામાં તેને મલાઇ બહુ ભાવે. ચ્હા બનાવતાં પહેલાં દૂધની મલાઇ હું તેને આપું એટલે એ ખુશ. રસોડામાં શાક સમારતી હોઉં ત્યારે તે અચુક મારી સામે આવીને બેસી જાય. તેને કાચું બટાકું બહું ભાવે.

ઉનાળામાં દિવસોમાં ગરમી લાગે ત્યારે એ એરકન્ડીશનર તરફ જોઇ પછી મારા તરફ જૂએ. અને હું તેઓ ઇશારો સમજી એ.સી. ચાલુ કરું એટલે એ આરામથી સુઇ જાય. અમે બહાર જઇએ ત્યારે પણ તેના માટે પંખો તો ચાલું જ રાખીએ.

એકવાર હું બિમાર થઇ ગયેલી. મને હોસ્પિટમલાં દાખલ કરેલી. જયારે ઠીક થયું તો તરત લ્યુસીનો વિચાર આવ્યો. અને આંખો ભરાઇ આવી. તે મારા વગર કેવી રેતી રહેશે? કઇ રીતે ખાશે? ડૉકટરને વિનંતી કરી કે મને રજા આપો. પણ ના, મારે બે દિવસ ત્યાં રહેવું પડ્યું. એ બે દિવસ લ્યુસી વિના જાણે બે વરસ જેવા લાગ્યા. તો એ કહેતી કે હું તેને મારી પાસે જ રાખું છું. તેડીને ફરું છું. ખુબ પ્રેમથી સાચવું છું. પણ એ એક -બે કોળીયાથી વધુ નથી ખાતી. એ સાંભળી મારું હૈયું ભરાઇ આવ્યું. દીકરીને ખભે માથું રાખીને ક્યાંય સુધી હું રોતી રહી. તેને કહ્યું 'મમ્મી મારો વિશ્વાસ રાખો, તેનું હું ખુબ ધ્યાન રાખું છું. તે દિવસે એ લ્યુસીને મારી પાસે લઇ આવી. મારા ખોળામાં આવીને તે ખુબ રડી. અમે બંને મળીને ક્યાંય સુધી રોતાં રહ્યાં. જાણે કે જન્મ જન્માંતર બાદ જાણે બંને મળ્યાં ન હોઇએ. તેના આંસુ જાણે કે મારી સામે ફરિયાદ કરતાં હતા કે મને મુકીને કેમ તું આવતી રહી.'

તે દિવસે સાંજે ડૉકટર પાસે રજા લઇ હું ઘેર આવી ગઇ. લ્યુસી સમજી ગયેલી કે હું બિમાર છું. તે મારી પાસે બેઠી બેઠી પોતાના નાના નાના હાથની મારા વાળ પંપાળતી માથે હાથ ફેરવતી હતી ત્યારે મને એમ લાગતું હતું કે ચોક્કસ એ ગયા ભવમાં મારી માં હશે, મેં જોયું કે એ મારી ચિંતા કરી કરીને દુબળી થઇ ગઇ છે.

મેં વિચાર્યું જાનવર માણસ કરતાં વધુ સમજદાર છે. વફાદાર છે. દુઃખ, દર્દ અને ભાવનાને સમજે છે. બસ બોલી જ નથી શકતાં. એ સારું પણ છે નહીંતર એ પણ માણસની જેમ હૃદયહીન થઇ જાય. લાગણીની કદર કરવાને બદલે તેનો ઉપહાસ કરત. મનની કોમળ લાગણીઓ સાથે રમત રમતી તેને કચડી નાખવાનું માણસોને ખુબ આવડે છે.

લ્યુસીને મેં શું આપ્યું છે? બસ જરાક પ્રેમ પરંતુ મારા આ જરા સરખા પ્રેમના બદલામાં તેનું મન કેટલું દુઃખી થાય છે અને માણસ જેના માટે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી દીધું તેની મુશ્કેલીની તેને બિલકુલ પરવા નહીં કદાચ આજ જીવનનું સત્ય છે.

બસ સમય તો એમ જ વિતતો રહ્યો. દીકરો-દીકરી તો પરણીને તેના સંસારમાં વ્યસ્ત હતા. લ્યુસી અને હું છેલ્લા બાર વરસથી એ રીતે જીવતાં હતાં જાણે કે એકબીજાનાં જીવનનો પર્યાય બની ગયાં હતા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

બધું જ અનઅપેક્ષિત..!! અમુક ક્ષેત્રના લોકો એટલે ખરાબ જ હોય..??

અમે રોજ એ બસ સ્ટેન્ડે ઊભાં રહેતા, એ સ્ત્રી પણ ત્રણ-ચાર થેલી સાથે એ સ્ટેન્ડે દેખાતી, બધાં પ્રવાસીઓ બસ પકડીને જતાં પણ એ ત્યાં જ રહેતી એની થેલી સાથે, તો પછી એ રોજ બસ સ્ટેન્ડે કેમ આવતી હતી?

આજે પણ હું કાયમની જેમ મારી ઓઢવની બસની રાહ જોતો સચિવાલય સ્ટોપ પર મારાં મિત્રો સાથે ફીફા વર્લ્ડ ચેમ્પિયન જર્મનીની વાતો કરતો ઊભો હતો. સચિવાલયે એક સાથે સાંજના ૭૦ બસો અમદાવાદની દિશામાં દોડે છે. સચિવાલય એટલે અમદાવાદનાં કર્મચારીઓનું નળસરોવર સમજી લો. સવારે બધાં આવે અને સાંજે પાછા અમદાવાદનાં એમનાં માળામાં ભરાવા ચાલ્યાં જાય. આ બધી ગરબડમાં એક મહિલા આ બસસ્ટોપ પર ત્રણ દિવસથી સળંગ આવે છે એવું અમારા ગ્રૂપને ધ્યાને આવ્યું... કોણ છે આ સ્ત્રી?

લગભગ ૭૦ વર્ષની આ વૃદ્ધ પણ અડિખમ મહિલા નવી બાંધણીની સાડી પહેરીને, ત્રણ-ચાર થેલી સામાન ભરીને બેઠી હતી. અને આ ત્રણ ચાર દિવસથી બેસે છે એવું પાક્કું થયું. બીજા દિવસે પણ એ જ સ્ત્રી અને થેલી સાથે બેઠેલી જોઇ મારાથી ના રહેવાયું અને જઇને પ્રેમથી પુછ્યું, 'બેન, શું તકલીફ છે? ગામડે જવાનાં પૈસા નથી? કોઇ ખોવાયું છે? તમારે શું મદદ જોઇએ છે?'

બહેનની આંખોમાં ઝળઝળીયા હતા. એણે એની આપવીતી કહી અને એનું નામ પણ. એ સાવ નિરાધાર હતી. એને કોઇ સગાવહાલાં નહોતા એટલે ક્યાં જવું? ક્યાં રહેવું? પ્રશ્ન હતો. એટલે આખો દિવસ એ કોઇ બસસ્ટેન્ડ, ગાર્ડન બેસી રહેતી અને રાત્રે સચિવાલય કેન્ટીનનાં ઓટલે સુઇ જતી. કેન્ટીન વાળો ભલે હતો તે બે ટાઇમ મફત જમાડતો હતો... મારાં મગજમાં વિચારચક્ર સાચું થઇ ગયું.

મને યાદ આવ્યું કે મારો મિત્ર સુકેતુની મમ્મી વૃદ્ધાશ્રમમાં કામ કરે છે. એને જઇને પુછવું કે આને આપણે શું મદદ કરી શકીએ. હું ઓફિસથી ઓઢવને બદલે આઠ સેક્ટરનાં એના ઘરે પહોંચી ગયો. એમની પાસે ખબર પડી કે આવી નિરાધાર મહિલાનાં કેસ વૃદ્ધાશ્રમમાં પોલીસ દ્વારા આવે છે અને એમનો પહેલો મેડિકલ ટેસ્ટ કરવામાં આવે છે. કોઇ પણ ભારતીય નાગરીક એનાં એરિયાના પોલીસ સ્ટેશનમાં પી.આઇ. ને આવા કામ માટે અરજી કરી શકે છે.

મેં બીજા જ દિવસે સેક્ટર-૨૧નાં પોલીસ સ્ટેશનમાં જવાનું નક્કી કર્યું. મારા કલાર્ક પાસે ગુજરાતીમાં અરજી બનાવી હું પોલીસ સ્ટેશન પહોંચી ગયો. આ અરજીમાં વૃદ્ધ અને નિરાધાર મહિલાની માહિતી લખી અને એને સરકારી વૃદ્ધાશ્રમમાં રહેવાની વ્યવસ્થા થાય એવી વિનંતી કરી. મારાં ઓફીસનાં ગાંધીનગરનાં લૉકસ મિત્રને સાથે રાખ્યો. પોલીસ ચોકીના પી.આઇ.એ મારી અરજી નોંધીને મને એની પહોંચ પણ આપી. અને યથાયોગ્ય મદદની ખાત્રી આપી.

ઓફિસ કામે અચાનક દિલ્લી જવાનું થયું અને એમાં પેલી અરજી અને સ્ત્રી બંને ભૂલાઇ ગયા. અઠવાડિયે પાછો આવ્યો અને એ જ ફરી સચિવાલય, બસ સ્ટેન્ડે સાંજે આવ્યો તો પેલી સ્ત્રી યથાવત એ જ ત્રણ-ચાર થેલી સાથે ત્યાં બેઠેલી હતી. હું કચવાયો, મારું જ મન મને ખાવા લાગ્યું, અરે આ સ્ત્રીનું કાંઇ જ થયું નથી? ચોમાસું નજીક છે, ક્યાં જશે આ? રાત્રે જમવામાં કારેલાનું શાક અને કઢી સાથે મિઠાઇમાં મોહનથાળ થાળીમાં હતો, અને મારી નજર સામે પેલી સ્ત્રી દેખાતાં કારેલાં વધુ કડવા અને મોહનથાળ માટીનાં ઢેફાં જેવો લાગ્યો, પહેલીવાર કોકના માટે રાત્રે બે વાર ઝબકીને ઉઠ્યો!!

આજનો દિવસ મારા માટે ખાસ હતો. આકાશમાં વાદળાં ઘેરાયાં હતા. અને મનમાં સ્ત્રીને છત અપાવવાનો મનસુબો. સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન પહોંચ્યો અને પી.આઇ.ને પહોંચ બતાવી એ સ્ત્રીનું શું કર્યું? પુછતાં પી.આઇ.એ મહિલા પોલીસને બોલાવીને કીધું કે આપણે આવાં કામો કરીએ છીએ? એમને હા પાડી છતાંય તેમને ખાત્રી કરવાં પોલીસ નિરીક્ષક બ્રહ્મભટ્ટને ફોન કરીને પુછી લીધું. બ્રહ્મભટ્ટે પોન પર કીધું, 'હા, આ આપણું જ કામ છે, તમે તરત જ વૃદ્ધાશ્રમમાં ફોન કરીને પુછો કે એમનાં ત્યાં જગ્યા છે કે નહીં? કાંઇ તકલીફ પડે તો મને જણાવજો' સ્પિકર ફોન પરનો એમનો જવાબ સાંભળી હું દંગ રહી ગયો અને મનોમન સલામ ઠોકી દીધી...

પી.આઇ. રાઠોડે સરકારી વૃદ્ધાશ્રમ ફોન જોડ્યો. ત્યાંના વ્યવસ્થાપક બહેને કીધું કે, જગ્યા છે, તમે એ સ્ત્રીને લેતા આવો, ગાડીની વ્યવસ્થા ના હોય તો કહો, હું એ વોર્ડના કોર્પોરેટરને કહી વ્યવસ્થા કરાવું. સાથે આવનારા ભાઇને પોલીસ તર્ફે પ્રવેશ માટેની અરજીની કૉપી મોકલી આપજો.' પી.આઇ. રાઠોડે તરત જ વૃદ્ધાશ્રમના નામે કોમ્પ્યુટર રાઇઝ્ડ અરજી તૈયારી કરાવી એના પર સહી સિક્કા મારી આપ્યાં. પોલીસ વેનના ડ્રાઇવરને ગાડી હાજર કરવા સૂચના આપી. દસ જ મિનિટમાં પોલીસ વાનમાં હું, પી.આઇ., બે મહિના પોલીસ સાથેનો વરઘોડો સચિવાલય બસ સ્ટેન્ડ પહોંચ્યો, અને...

પોલીસની જીપ થોડી દૂર ઉભી રાખી હું ચાલતો જ એ સ્ત્રી પાસે પહોંચ્યો, એજ સાડી, એજ ત્રણ-ચાર થેલી અને કોકની પ્રતિક્ષામાં, મારાં હૃદયમાં ખુશીની લહેર હતી. હું પહોંચ્યો અને વાતચીત ચાલું કરી અને એટલામાં પાછળથી પી.આઇ. ને આવેલાં જોઇ એ સ્ત્રી ગભરાઇ ગઇ અને બરાડા પાડવા લાગી, 'મને પોલીસમાં આપશો નહીં, મારે પોલીસ ચોકીએ જવું નથી...'

મેં એને સમજાવવાનું ચાલું કર્યું. પી.આઇ. પણ શાંતિથી સમજાવતા હતા, બંને મહિલા પોલીસે પણ માયાળુ ભાષામાં સ્ત્રીને સમજાવવાની કોશિશ કરી. પણ જેમ આટઆટલી પ્રાર્થના અને પર્જન્ય બાદ વરસાદ આવવા માન્યો નહીં એમ જ આ સ્ત્રી પણ... ૧૫-૨૦ મિનિટનાં પ્રયત્ન બાદ પોલીસ કંટાળીને નીકળી ગઇ. કાંઇ મદદની જરૂર હોય તો ફોન કરજા કહી, પી.આઇ. મોબાઇલ નંબર આપતા ગયા... પોલીસ માટે કદાચ આવી ઘટનાઓ સામાન્ય હશે, મારાં માટે બધું જ આશ્ચર્યજનક હતું!!

(અનુસંધાન પાના નં. ૬ પર)

ભીતરની સુંદરતા અને હૃદયની અનુભૂતિ

ગુલમહોર

- દિનેશ દેસાઈ

અમેરિકન ઉદ્યોગપતિ અને ફોર્ડ મોટર કંપનીના સ્થાપક-માલિક હૅન્રી ફોર્ડ (જન્મ તા. ૩૦ જુલાઈ, ૧૮૬૩, નિધન તા. ૭ એપ્રિલ, ૧૯૪૭) મેનેજમેન્ટ નિષ્ણાત પણ હતા. તેઓ ૮૪ વર્ષ જીવ્યા. તેઓએ મેનેજમેન્ટ અંગે કહ્યું છે કે "ભેગા થવું એ શરુઆત છે, સાથે રહેવું એ ઉન્નતિ છે અને સાથે કાર્ય કરવું એ સફળતા છે."

હૅન્રી ફોર્ડનો આ મેનેજમેન્ટ મંત્ર સંબંધોનું મેનેજમેન્ટ – રિલેશનશીપ મેનેજમેન્ટ માટે પણ એટલું જ યોગ્ય છે. યુવક અને યુવતી એકબીજાને પસંદ કરતા હોય, એકમેકને જીવનસાથી તરીકે ચાહતા પણ હોય અને ભેગા મળે એ શરુઆત છે. જ્યારે આ જ યુગલ સાથે રહેવાનું શરુ કરે ત્યારે એ માર્ગ ઉન્નતિનો બની રહે છે. પરંતુ સાથે કાર્ય કરવું, સાથે રહીને કાર્ય કરવું એ સફળતા છે.

એકમેકને પસંદ કરવા એ જુદી વાત છે અને એકમેકની સાથે રહેવું એ પણ જુદી વાત છે. જ્યારે સાથે રહીને કામ કરવું એ પણ વળી જુદી વાત છે. તમે કોઈની સાથે એકાદ કલાક પણ વીતાવો ત્યારે એકબીજાની ખામી-ખુબીઓ-વિશેષતાઓ વગેરેથી પરિચિત થવાય છે. ટેવ-કુટેવ, ગમા-અણગમાનો ધીમે ધીમે ખ્યાલ આવવા માંડે છે.

હૅન્રી ફોર્ડ કહે છે એમ સંબંધ બનાવવા અને સંબંધ જાળવી રાખવા, એમાં એક નાનકડી તિરાડ પણ ન પડે એ માટે યુગલે બહુ જ મહેનત કરવી પડતી હોય છે. બેઉ વ્યક્તિનાં મૂલ્યોનું એક સમાન હોવું એ જ સંબંધની સફળતાની પૂર્વશરત છે. સંબંધમાં કોઈ એક વ્યક્તિની નાનકડી બાબત પણ ન ગમતી હોય તો એને ગમાડવી અને આણગમતી વાતમાં જતું કરવાની ભાવના જ સંબંધને ટકાવી રાખે છે, સંબંધને સફળતા તરફ દોરી જાય છે. વ્યક્તિને ચાહો ત્યારે એની તમામ ખામીઓ અને ખુબીઓનો પણ સ્વીકાર કરવાની સાથે ચાહો ત્યારે જ સંબંધમાં સફળતા હાથ લાગે છે.

સાચી સુંદરતા આંખોથી જોઈ શકાય નહીં, હૃદયથી જોઈ શકાય છે, ખરી સુંદરતા ચહેરાની કે શરીરની હોતી નથી, ભીતરની સુંદરતા મનથી જોઈ અને અનુભવી શકાય છે, એમાં હૃદયની અનુભૂતિ જોડાયેલી હોય છે

તમે જ્યારે કોઈ વ્યક્તિને ચાહો ત્યારે માત્ર એના ચહેરાને કે ફક્ત એના આઉટલૂક – બાહ્ય દેખાવ, એનાં કપડાં – ડ્રેસિંગ વગેરેના આધારે જ એને ચાહો છો? જો આ સવાલનો જવાબ "હા..." હોય તો આવા સંબંધની સફળતા કરતા નિષ્ફળતા વધુ જોવા મળી શકે છે. કારણ કે બાયોલોજીકલ સાયન્સ પ્રમાણે જે વ્યક્તિનો ચહેરો આજે જેવો છે, તે વ્યક્તિનું આજે જેવું રુપ કે દેખાવ છે, તેવો કાલે ન પણ હોય. વ્યક્તિની આર્થિક સ્થિતિનું પણ એવું જ છે. ડ્રેસિંગ પણ બદલાતું રહેવાનું છે.

જોવાની જરુર છે, વ્યક્તિની આંતરીક સુંદરતા. વ્યક્તિનો આંતરીક દેખાવ, એની લાગણી, એનો સ્વભાવ, એનું વર્તન, એની ટેવો વગેરે જોવાની જરુર છે. સાચી સુંદરતા ક્યારેય દેખાતી હોતી નથી, એ તો માત્ર અનુભવી શકાતી હોય છે. સાચી સુંદરતા આંખોથી જોઈ શકાય નહીં, હૃદયથી જોઈ શકાય છે. ખરી સુંદરતા ચહેરાની કે શરીરની હોતી નથી. ભીતરની સુંદરતા મનથી જોઈ અને અનુભવી શકાય છે. એમાં હૃદયની અનુભૂતિ જોડાયેલી હોય છે.

ચહેરો અને રુપ-રંગ તો ત્વચા સાથે જોડાયેલો શરીરનો એક ભાગ માત્ર જ છે. એમાં તો વધઘટ થવાની જ છે. પ્રેમ તો એના કરતાંય ઘણો મહાન છે. પ્રેમમાં કોઈ વધઘટ થતી નથી. પ્રેમ હોય ત્યારે દરેક વસ્તુ સુંદર દેખાવા લાગે છે. આપણે જેને પ્રેમ કરીએ તે વ્યક્તિ હંમેશા આપણને સુંદર જ દેખાશે. જ્યારે આપણે દિલથી, હૃદયથી જોવાનું શરુ કરીશું ત્યારે આંખોથી જોવાનું ન્યૂનતમ થતું જશે.

સામાન્ય રીતે પ્રેમમાં અથવા લગ્નમાં તમે સાથી યા જીવનસાથીમાં કઈ કઈ ક્વોલિટી ઉપર ધ્યાન આપો છો? એક અભ્યાસ પ્રમાણે (૧) દેખાવ, (૨) ટેવો અને સ્વભાવ, (૩) આર્થિ